પાટનગરનું પોતાનું અખબાર

આજે આપનું અખબાર ૩૮માં વર્ષમાં મંગલ પ્રવેશ કરે છે

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૮) અંક નં. ૦૧ | ૧૨ માર્ચ, ૨૦૨૩, રવિવાર; ફાગણ વદ - ૫ | પાનાં - ૧૬ કિંમત રૂ. ૩.૦૦


## ગાંધીનગર સમાચાર
## આ છે અમારા ધબકારા...

આજે ૩૮મું બેઠું.....!! આપ સૌની હૂંફ અને પ્રેમ ૩૭ વર્ષની મજલ કાપવામાં પુરક અને પ્રેરક રહ્યા છે. પડકારો તો ખુબ હતાં અને છે... પણ આપનો પ્રેમ અને અમારી પ્રતિબદ્ધતાએ વિના વિઘ્ને અમને અહીં પહોંચાડ્યા છે. સ્પર્ધાત્મક માહોલમાં ટકવું અઘરું જ છે... પણ આપના આશીર્વાદે અમને ચલાવ્યા છે... ગતિમાં રાખ્યા છે... એજ અમારા સદ્ભાગ્યના સંકેત છે. માહિતીના વિસ્ફોટ યુગમાં નાનકડો ટમટમતો દીવડો લઈને ઊભા રહેવાનું લગભગ અસંભવ છે. છતાંય પરમની કૃપાથી આજે ૩૮મી વર્ષગાંઠ ઊજવીએ છીએ તેનો રાજીપો છે.

અને હા...! અમારો કોઈ રાજકીય એજન્ડા નથી... અમારો કોઈ આર્થિક એજન્ડા નથી... અમારો તો માત્ર અને માત્ર સામાજિક અને સાંસ્કૃતિક એજન્ડા છે. સકારાત્કતા અને સર્જનાત્કતા અમારો એજન્ડા છે. અમે જોડવામાં માનીએ છીએ, તોડવામાં નહીં. ૩૭-૩૭ વર્ષ માત્રને માત્ર સેતુ બનવાના સંકલ્પ સાથે જીવ્યા છીએ અને જીવીશું. અમને વિજય પતાકાના અભરખા નથી, અમને તો માત્ર જોઈએ છે વિશ્વાસની વાટકી....!! અમારે તો માત્ર વિશ્વાસ વહેંચવો છે અને મેળવવો છે. આજ અમારું હાર્દ છે અને આ જ અમારો હેતુ છે...! અમે નાના છીએ - ખુબ નાના છીએ એની અમને સતત જાણ છે પણ અમારી સહનશક્તિ અને સમજણે અમને જીવતાં રાખ્યા છે અને હજુ હોંશ છે....!! સંકલ્પો સાકાર કરીશું.... સામાજિક સંવેદના પ્રસરાવશું. સાથ સહુનો લઈશું અને અંધારા ઉલેચીશું... આવતીકાલને વધુ અજવાસમય બનાવવા મથામણ કરીશું. સાંસ્કૃતિક અને સાહિત્યિક વાતાવરણને પ્રદૂષણ મુક્ત કરીશું. લખવા-વાંચવા નવયુવાનોને તક આપીશું. આ અમારા મુઠ્ઠી ભરેલા સપનાં છે અને એ સપનાનાં વાવેતરનો પાક સૌને વહેંચીશું.

આવનારા સમયમાં આપની અપેક્ષાઓને આકાર આપવા અમારો સાતત્યપૂર્ણ પ્રયાસ રહેશે એવી પ્રતિબદ્ધતા વ્યક્ત કરીએ છીએ. અમારી ઊણપો - ઓછપોને નજર અંદાજ કરીને વ્હાલ વરસાવતા સૌ વાચકો અને શુભેચ્છકોને આદર સહ પ્રણામ પાઠવીએ છીએ.

- કૃષ્ણકાન્ત જહા

# રાજ્યમાં કોરોનાના ૫૧ કેસ

અમદાવાદ, તા.૧૧

કોરોના વાયરસે ફરી એકવાર માથું ઉંચક્યું છે. ઘણાં દિવસો બાદ કોરોનાએ અડધી સદી ફટકારી છે. આજે ગુજરાતમાં કોરોના વાયરસના કુલ ૫૧ કેસ નોંધાયા છે. ત્યારે ફરી એકવાર ગુજરાતીઓએ સાવચેતી રાખવાની જરૂર છે. ૨૧ દર્દીઓને ડિસ્ચાર્જ કર્યા. આમ, સમગ્ર ગુજરાતમાં કોરોના વાયરસના કુલ ૫૧ કેસ નોંધાયા છે. તો બીજી તરફ, ૨૧ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. હાલ ગુજરાતમાં કોરોના વાયરસના કુલ ૧૮૧ એક્ટિવ કેસ છે. ઉલ્લેખનીય છે કે, કોરોના વાયરસથી અત્યાર સુધીમાં કુલ ૧૧,૦૪૭ દર્દીના મોત નીપજ્યા છે. તો ૧૨ લાખથી વધુ દર્દી સાજા થઈને ઘરે પરત ફર્યા છે.

### ક્યાં-કેટલા કેસ

| | |
|---|---|
| અમદાવાદ કોર્પોરેશન | - ૩૨ |
| રાજકોટ | - ૬ |
| ભાવનગર કોર્પોરેશન | - ૩ |
| સુરત કોર્પોરેશન | - ૩ |
| સાબરકાંઠા | - ૨ |
| ગીર-સોમનાથ | - ૧ |
| પોરબંદર | - ૧ |
| સુરત | - ૧ |
| સુરેન્દ્રનગર | - ૧ |
| વડોદરા કોર્પોરેશન | - ૧ |

## લાલૂ યાદવના પરિવાર પર ઈડીનો સપાટો

નવી દિલ્હી, તા.૧૧

કેન્દ્રીય તપાસ એજન્સી ઈડીએ નોકરીના બદલામાં જમીન કૌભાંડમાં મની લોન્ડ્રીંગ સંબંધી તપાસમાં શુક્રવારે બિહારના કેટલાય શહેરોમાં દરોડા પાડ્યા હતા. દરોડમાં બિહારના પૂર્વ મુખ્યમંત્રી લાલૂ પ્રસાદ યાદવની ત્રણ પુત્રીઓ અને રાષ્ટ્રીય જનતા દળના નેતાના ઠેકાણામાંથી લાખો રૂપિયા મળ્યા છે. સૂત્રોએ જણાવ્યુ છે કે, દરોડા દરમિયાન ૫૩ લાખ રોકડા, ૧૯૦૦ અમેરિકી ડોલર, લગભગ ૫૪૦ ગ્રામ સોનું અને ૧.૫ કિલોના સોનાના ઘરેણાં મળી આવ્યા છે.


aashka HOSPITAL NABH

નિરંતર સેવારત અમારી નિષ્ણાંત ડોક્ટર્સની ટીમમાં આપનું સ્વાગત છે



**ડૉ. હીતા આર મહેતા**
એમ. એસ. - ઑબ્સ્ટેટ્રિક્સ અને ગાયનેકોલોજિસ્ટ
ઓપીડીનો સમય: સોમવારથી શનિવાર | 5:00 PM - 7:00 PM
સ્પેશિયાલિટી : રૂટિન કન્સલ્ટેશન, ગાયનેક હેલ્થ ચેકઅપ, નોર્મલ ડિલિવરી, સીઝરીયન સેક્શન, વંધ્યત્વ પરામર્શ અને નિદાન, પ્રસૂતિ પહેલાની સોનોગ્રાફી, હાઈ રિસ્ક પ્રેગનેન્સી મેનેજમેન્ટ, સલામત માતૃત્વ માર્ગદર્શન, વજાઈનલ સર્જરી



**ડૉ. જીત એમ અમીન** (M.S. - ENT)
ફેલોશિપ ઈન લેટરલ સ્કલ બેઝ (ઇટાલી) | ફેલોશિપ ઈન ન્યુરોટોલોજી-લેટરલ સ્કલ બેઝ એન્ડ એન્ડોસ્કોપિક સ્કલ બેઝ સર્જરી
ઓપીડીનો સમય: સોમવારથી શનિવાર | 12:00 PM - 2:00 PM
સ્પેશિયાલિટી : તમામ ENT સર્જરી, એન્ડોસ્કોપિક સ્કલ બેઝ પ્રોસીજર્સ, એલર્જી સ્પેશિયાલિસ્ટ



**ડૉ. સેજલ જે અમીન**
BDS, MDS (પેરિયોડોન્ટોલોજી), ઇમ્પ્લાન્ટોલોજીસ્ટ
ઓપીડીનો સમય: સોમવારથી શનિવાર | 12:00 PM - 2:00 PM
સ્પેશિયાલિટી : તમામ પ્રકારના ડેન્ટલ ઇમ્પ્લાન્ટ્સ, ફ્લૅપ સર્જરી, બ્લીડિંગ ગમ્સ, સ્માઇલ ડિઝાઇનિંગ, ડેન્ચર પ્લાનિંગ અને પ્લેસમેન્ટ, ફુલ માઉથ રિહેબિલિટેશન, રુટ કેનાલ ટ્રીટમેન્ટ, ટીથ વ્હાઇટનીંગ

સરગાસણ અને રિલાયન્સ ચાર રસ્તા વચ્ચે, સરગાસણ, ગાંધીનગર - 382421, ગુજરાત

| અપોઈમેન્ટ બૂક કરવા માટે | ઈમરજન્સી કોન્ટેક્ટ | રિસેપ્શન | પેશન્ટ કો ઓર્ડિનેટર |
|---|---|---|---|
| 7575006000 / 7575009366 | 7575007707 / 7575009000 | 9879752777 | 7575007705 |

www.aashkahospitals.in | aashkahospitals | aashkahospitalsltd | AashkaHospitals


## સાદર નિમંત્રણ છે

આજે 'ગાંધીનગર સમાચાર'ની ૩૮મી વર્ષગાંઠે સૌને પ્રણામ પાઠવીએ છીએ....
૩૭ વર્ષની સમાચાર યાત્રાના સૌ સ્નેહીજનોનો અંતરના ઉમળકાથી આભાર માનીએ છીએ...
અને હા..!
આજે વર્ષગાંઠ નિમિત્તે જ મ્હોં મીઠું કરવા ઉમળકાભર્યુ આમંત્રણ છે.
આપના આશિર્વાદ અભિલાષીએ છીએ.

- ગાંધીનગર સમાચાર પરિવાર


**અભિષેક PG**
ફક્ત છોકરાઓ માટે
સગવડ : એસી / નોનએસી રૂમ્સ, વાયફાય, CCTV, વાંચન માટે સ્પેશીયલ રૂમ, બેડ, કબાટ, ૨૪ કલાક ગરમ પાણી, શાંત રમણીય જગ્યા
સ્થળ : સેક્ટર-૨૩, ઘ-૬ સર્કલ પાસે
ફોન : ૯૦૩૩૪૩૧૫૨૫, ૯૮૨૪૦ ૯૬૯૫૩





JALARAM HOSPITAL
ORTHOPAEDICS AND JOINT REPLACEMENT CENTER & I.C.U.

- ફ્રેક્ચર તેમજ અકસ્માતને લગતા કેસોની ઉત્તમ સારવાર
- આધુનિક પધ્ધતિથી જોઈન્ટ રીપ્લેસમેન્ટને લગતી સારવાર
- દુરબીનથી થતા ઓપરેશન (Arthoscopy)
- મણકાને લગતા ઘસારાની દવાઓ, કસરત અને ઓપરેશન દ્વારા સારવાર

દરેક ઓર્થોપેડિક સંબંધી સારવાર મેળવવા માટે ગણવત્તા સભર અને વિશ્વાસપાત્ર સ્થળ

૫૦૦૦ થી વધુ સફળ સર્જરીનો અનુભવ

Dr. Hardiksinh Vaghela
M.S. Ortho (V.S. Hospital)
Ex. Assi. Professor
Shardaben General Hospital
Joint Replacement (Sunshine Hyderabad)

જલારામ હોસ્પિટલ
સેક્ટર-૬, ઘ-૨, પેટ્રોલ પંપ રોડની સામે, અપના બજાર નજીક, ગાંધીનગર
મો. ૯૬૦૧૮૧૧૬૧૧, ૯૬૦૧૮૧૧૦૯૯





YEARS OF TRUTH

A BIG APPLAUSE TO
GANDHINAGAR SAMACHAR
FOR COMPLETING 37 YEARS

KAAVYARATNA Group has been standing on the pillars of honesty and integrity for many years. We have always believed that truth triumphs over it all and we cannot feel more admired than today for our city's pride - Gandhinagar Samachar, which has completed 37 long years of seeking truth and contributing to creating a better future for us. Again, we wish a grand congratulations to the seeker of the truth - Gandhinagar Samachar for successfully completing 37 years.

KAAVYARATNA™ GROUP
Crafting Landmarks

रेवा BY KAAVYARATNA I EKARTH — 1, 2, 2.5, 3, 4.5 BHK Apartments, GIFT City, Gandhinagar
Sanskruti BY KAAVYARATNA — 2, 3, 4 BHK Apartments, GIFT CITY Road, Gandhinagar
सृष्टि BY KAAVYARATNA — 2 & 3 BHK Apartments, Nr. PDPU Cross Road, Gandhinagar
THE BOUGAINVILLEA BY KAAVYARATNA, PALATIAL VERTICAL LIVING — 4 BHK Duplex Vertical Villas, GIFT CITY Road, Gandhinagar
NAKSHATRA BY KAAVYARATNA, FOR THOSE WHO AIM FOR THE STARS — Retails | Showrooms | Offices, Sargasan Cross Road, Gandhinagar

Projects Listed on GUJRERA.GUJARAT.GOV.IN I REVA: PR/GJ/GANDHINAGAR/GANDHINAGAR/GIFT URBAN DEVELOPMENT AUTHORITY/ MN140AA10040/300722 | Sanskruti: PR/GJ/GANDHINAGAR/GANDHINAGAR/OTHERS/MAA07224/210620
Srushti: PR/GJ/GANDHINAGAR/GANDHINAGAR/OTHERS/RAA09353/221121 | THE BOUGAINVILLEA: PR/GJ/GANDHINAGAR/GANDHINAGAR/Gandhinagar Municipal Corporation/RN29AA09929/170522 | NAKSHATRA: PR/GJ/GANDHINAGAR/GANDHINAGAR/OTHERS/CAA06841/050320

PLOT NO. 46 B & C, BLOCK NO.46, GUJARAT INTERNATIONAL FINANCE TEC-CITY, GANDHINAGAR, GUJARAT 382355 | WWW.KAAVYARATNA.COM · CALL: +91 90999 19068